સૂરજબારી ચેકપોસ્ટ પાસેથી ટ્રકમાં લઈ જવાતા ૨૦૦ બોરી કોલસા ઝડપાયા

ચાલક સહિત બેની અટકાયત : ટ્રક અને માલના માલિકનાં નામ સ્પષ્ટ થયાં

ભુજ, તા. ૧૧ : પૂર્વ કચ્છમાં જિલ્લાના પ્રવેશદ્વાર એવી સૂરજબારી ચેકપોસ્ટ નજીકથી ગેરકાયદેસર કોલસાની ૨૦૦ બોરી ભરીને જતી ટ્રક વનતંત્રએ પકડી પાડી હતી. આ પ્રકરણમાં ટ્રકના ચાલક અને તેના મદદગાર શખ્સની ધરપકડ કરાઈ હતી, તો કોલસાના માલિક અને ટ્રકના માલિકનાં નામ પણ તપાસમાં બહાર આવ્યાં છે.

સામખિયાળી-સૂરજબારી વચ્ચેના ધોરીમાર્ગ ઉપર પેટ્રોલિંગ દરમ્યાન વનતંત્રની ટુકડીને જી.જે.૧૩-યુ.-૯૪૨૩ નંબરની ટ્રક શંકાસ્પદ હાલતમાં જતી જોવા મળી હતી. આ ટ્રકને અટકાવવાનો પ્રયાસ કરતાં તેને ભગાડી જવાઇ હતી. બાદમાં પીછો કરીને આ ભારવાહક વાહનને સૂરજબારી ચેકપોસ્ટ નજીકથી પકડી પડાઇ હતી. આ ટ્રકની તલાશી લેવાતાં તેમાંથી રૂા. એક લાખની કિંમતના ૨૦૦ બોરી ગેરકાયદેસર કોલસા મળી આવ્યા હતા.

ટ્રકના ચાલક નખત્રાણા તાલુકાના નિરોણા ગામના સુકુભા દેવાજી જોડજા અને તેના મદદકર્તા ભીમજી ખેતાજી પઢિયારની અટક કરાઇ હતી. કબજે કરાયેલા કોલસા ધારડિયા (નખત્રાણા)થી ભરીને મોરબી લઈ જવાતા હોવાનું તથા આ બેનંબરી કાળો માલ નિરોણાના ઇન્દ્રસિંહ હાલુભા પઢિયારે બનાવ્યાનું પૂછતાછમાં બહાર આવ્યું હતું. ટ્રકનો માલિક નિરોણાનો દેવાજી હાલાજી જોડજા હોવાનું પણ બહાર આવ્યું હતું.

કચ્છ પૂર્વ વનવિભાગની મોબાઇલ સ્કવોડના મદદનીશ વનસંરક્ષક વી.એસ. દેવડાના માર્ગદર્શન તળે આ કાર્યવાહીમાં સ્ટાફના એમ.બી. પરમાર, આર.આર. પરમાર, એચ.જે. છેડા, ઉમેદ રાજગોર, એમ.આર. ડાંગર, એમ.કે. જાદવ, એસ.કે. આહીર, આર.કે. બારોટ અને એમ.આર. વાઘેલા જોડાયા હતા.

MECO-V®
INSTRUMENTS
126.0
Micro Processor based
DIGITAL PANEL METERS
Moving Iron AC & Moving Coil DC Panel/ Frequency Meters, Lab Instruments, Current Transformers, Shunts, Cell Testers, Ohmmeters, etc.
As per IS 1248
Goliya Electricals P. Ltd.
(ISO 9001-2008 Registered Firm)
317, Bharat Ind.Estate, T.J. Rd, Sewree, Mumbai - 400015.
Tel : 022-24120456, 24133206.
Em : sales@goliya.com
Web : www.goliya.com
DEALERS WANTED

મુલુંડમાં સાહિત્યરસિકોએ માણ્યો કાવ્ય પંચામૃત કાર્યક્રમ

મુલુંડમાં ગુજરાતી સમાજ આયોજિત કાવ્ય પંચામૃત કાર્યક્રમમાં અગ્રણીઓ.

મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા દાતાઓ અને બાળ તબલાવાદકનું સન્માન

મુલુંડ, તા. ૧૧ : સાહિત્ય રસિકજનો માટે મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા 'કાવ્ય પંચામૃત' કાર્યક્રમ કાલીદાસ ઓડિટોરિયમમાં યોજાયો હતો. જાણીતા કવિઓ મુકેશ જોશી, શોભિત દેસાઇ, હિતેન આનંદપુરા, ખલીલ ધનતેજવી અને મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'એ હાસ્ય અને વ્યંગભરી અર્થસભર માર્મિક પ્રસ્તુતિ કાવ્યો દ્વારા કરી હતી.

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ પ્રફુલ્લભાઇ પાસડ (શેરડી), અતિથિવિશેષો જોષી જગન્નાથ (ભુજ) અને ભાનુશાલી મહાજન સમિતિના કન્વીનર જ્યોતિષેન જોબનપુત્રા, યુવા સમિતિના કન્વીનર રાજેશ ચાવડા, પી.આર.ઓ. રાકેશ જોશી તથા કારોબારી સભ્યોના હસ્તે અગ્રણીઓ સાથે કવિઓનું અભિવાદન કરાયું હતું.

દીપ પ્રાગટ્ય વડતાલ સંપ્રદાય મુલુંડ (ઇ) કેસરબાગ મંદિરના મહંતો અક્ષરપ્રકાશદાસજી સ્વામી, જગતપ્રસાદદાસજી સ્વામી, દાતાઓ તેમજ અગ્રણીઓના હસ્તે થયું હતું. મુલુંડના સર્વ છત્રીસ સમાજો, સંસ્થાઓના પ્રતિનિધિઓ, માજી સાંસદ કિરીટભાઇ સોમૈયા, વિધાનસભ્ય સરદાર તારાસિંઘજી, નગરસેવકો મનોજ કોટક, ભાવનાબેન જોબનપુત્રા અને સુમતિબેન કાંબળે વગેરે હાજર રહ્યા હતા.

ભાનુશાલી, હરિભાઇ ગઢવી, હર્ષદભાઇ દેસાઇ, મંત્રી વિમલાબેન જોશી અને લાલજી સર, કોષાધ્યક્ષ રજનીકાંભાઇ કારિયા, સહકોષાધ્યક્ષ ડો. વસંતભાઇ મજેઠિયા, મહિલા સમિતિના કન્વીનર જ્યોતિષેન જોબનપુત્રા, યુવા સમિતિના કન્વીનર રાકેશ ચાવડા, પી.આર.ઓ. રાકેશ જોશી તથા કારોબારી સભ્યોના હસ્તે અગ્રણીઓ સાથે કવિઓનું અભિવાદન કરાયું હતું.

દીપ પ્રાગટ્ય વડતાલ સંપ્રદાય મુલુંડ (ઇ) કેસરબાગ મંદિરના મહંતો અક્ષરપ્રકાશદાસજી સ્વામી, જગતપ્રસાદદાસજી સ્વામી, દાતાઓ તેમજ અગ્રણીઓના હસ્તે થયું હતું. મુલુંડના સર્વ છત્રીસ સમાજો, સંસ્થાઓના પ્રતિનિધિઓ, માજી સાંસદ કિરીટભાઇ સોમૈયા, વિધાનસભ્ય સરદાર તારાસિંઘજી, નગરસેવકો મનોજ કોટક, ભાવનાબેન જોબનપુત્રા અને સુમતિબેન કાંબળે વગેરે હાજર રહ્યા હતા.

સામખિયાળી પાસે ટ્રકમાં ટ્રેઇલર અથડાતાં એક મોત : ત્રણ ઘાયલ

ખોટીપો થતાં ઊભેલી ટ્રકમાં ઘડાકાભેર અથડામણથી અકસ્માત

ગાંધીધામ, તા. ૧૧ : ભચાઉ તાલુકાના સામખિયાળી નજીક પૂજા પાઇપની ફેકટરીની સામે ઊભેલી ટ્રકની પાછળ ધસમસતું આવતું ટ્રેલર ભટકાતાં ટ્રેલરના ચાલક બિહારના સુધિર કુમાર સોમનાથરાય યાદવ (ઉ.વ. ૨૩)નું બનાવ સ્થળે જ મોત થયું હતું જ્યારે અન્ય ત્રણ લોકોને ગંભીર પ્રકારની ઈજાઓ પહોચી હતી.

સામખિયાળી નજીક પૂજા પાઇપની કંપની સામે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર આજે વહેલી પરોઢે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ટ્રક નંબર આર.જે. ૧૪-જી.બી. ૬૬૩૮માં ખોટીપો સર્જાતાં તેનો ચાલક અને ક્લીનર બાજુમાં ઊભા રહીને તેને તપાસી રહ્યા હતા.

દરમ્યાન પાછળથી ધસમસતું આવતું ટ્રેલર નંબર જી.જે. ૧૨-એ.યુ. ૮૧૫૩ વાળું આ ટ્રકમાં ધડાકાભેર અથડાયું હતું. જેમાં ટ્રેલરનાં જ ચાલક સુધીરકુમારનું બનાવ સ્થળે જ કમાકમાટીભર્યું મોત થયું હતું. તેના ક્લીનર તથા ટ્રકના ચાલક અને ક્લીનર ઉપર તેમની જ ઊભેલી ટ્રકના પૈડાં ફરી વળતાં આમ ત્રણેયને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી. આ ત્રણેયને ૧૦૮ મારફતે સારવાર માટે ખસેડાવામાં આવ્યા હતા. આ ત્રણેય બેભાન હાલતમાં હોવાથી ત્રણેયના નામ, સરનામા જાણી ન શકાયા હોવાનું પી.એસ.આઈ. ડી.એલ. વાજાએ જણાવ્યું હતું.

માંડવીનો માથાભારે અને ઝનૂની યુવાન અંતે પાસામાં ઝડપાયો

ભુજ, તા. ૧૧ : બંદરીય નગરી માંડવીમાં સોનાવાળા નાકા બહાર રહેતા મોહમદ હુશેન ઉર્ફે ઈમરાન ઉર્ફે ઈમલો સાલેમામદ પઢેજા (ઉ.૨૨) માથાભારી અને ઝનૂની પ્રવૃત્તિના લીધે પાસા હેઠળ પકડાયો છે.

શરીર અને મિલકત સંબંધી વિવિધ ગુનાઓને લઈને માંડવીના આ યુવાન સામે વર્ષ ૨૦૧૧માં પાસાની દરખાસ્ત મુકાઈ હતી. આ દરખાસ્ત અત્યાર સુધી પડતર રહી હતી. દરમ્યાન ચાલુ વર્ષ ૨૦૧૩માં આ યુવક દ્વારા થયેલી માથાભારી અને ઝનૂની પ્રવૃત્તિને લઈને દાખલ થયેલા ગુનાઓને લઈને તેને પાસામાં લેવાનો હુકમ કરાયો હતો.

સત્તાવાર સાધનોએ આપેલી માહિતી અનુસાર માંડવીના પી.આઈ. વી.એમ. જાડેજાએ આજે મોહમદ હુશેનની પાસા તળે ધરપકડ કરી હતી. બાદમાં પોલીસની ગુનાશોધક શાખા મારફતે તેને જૂનાગઢની જેલમાં મોકલી અપાયો હતો.

ભુજની ભોજક શેરીમાં ગેરકાયદે બનેલી દુકાનો ક્યારે દૂર કરાશે

રહેવાસીઓ દ્વારા તંત્રને લેખિત-મૌખિક રજૂઆતો દ્વારા પૂછાતો પ્રશ્ન

ભુજ, તા. ૧૧ : શહેરની ભોજક શેરીની ગેરકાયદે દુકાનો ક્યારે દૂર કરાશે તેવો સવાલ રહેવાસીઓએ ફરી ઉઠાવ્યો છે.

વાણિયાવાડ નાકે આવેલી ભોજક શેરીના અંદરના રહેણાક વિસ્તારમાં બિનઅધિકૃત બનેલી દુકાનો દૂર કરવા છેલ્લા પાંચ વર્ષથી સમયાંતરે જિલ્લા કલેકટર, ભુજ વિસ્તાર વિકાસ સત્તા મંડળ, ભુજ નગરપાલિકાને આવેદનપત્ર આપી, માહિતી અધિકાર તળે માહિતી મેળવી પુરાવા સાથે લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં કાયમી ધોરણે કોમર્શિયલ દુકાનો હટાવાતી નથી તેમ ક્યારે દૂર કરાશે તે અંગેની કોઇપણ જાતની માહિતી કે જાણકારી પણ અપાતી નથી તેવું શેરીમાં રહેતા મકાનમાલિકોએ જણાવ્યું હતું.

વરિષ્ઠ નાગરિકો ભગવાનજી વી. ઠક્કર, કે.વી. ભાવસાર તેમજ જિતેન્દ્ર બી. ઠક્કર, અશોક સી. ભાવસાર ઉપરાંત ભોજક શેરીના રહેવાસીઓ દ્વારા આ રજૂઆતો આધાર-પુરાવા સાથે રજૂ કરાઇ હતી.

બાંદરા-ભુજ એ.સી. ટ્રેનનું સામખિયાળી સ્ટોપ મંજૂર

કચ્છ પેસેન્જર એસો.એ દિલ્હી ખાતે કરેલી રજૂઆત બાદ ખાતરી મળી

મુંબઈ, તા. ૧૧ : બાન્દ્રા ટર્મિનસથી રાતે ઉપડતી એસી ટ્રેન નં. ૧૨૯૭૯ સામખિયાળીને સ્ટોપ આપવે મંજૂર કરાયું છે અને તા. ૨૫/૯થી ટ્રેન સામખિયાળી સ્ટેશને થોભશે એમ દિલ્હીથી ટેલિફોન પર કચ્છ પેસેન્જર્સ એસોસિએશનના પ્રમુખ ચંપકભાઇ ગંગરે જણાવ્યું હતું.

માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે, આજે દિલ્હી ખાતે રેલવે બોર્ડના ચેરમેન અરુણકુમાર અને બોર્ડના ડાયરેક્ટર (ટ્રાફિક) રવિ મોહન શર્માને રૂબરૂ મળ્યા હતા અને બાન્દ્રા-ભુજ વચ્ચે દોડતી સંપૂર્ણ એસી ટ્રેનમાં સામખિયાળી અને ભચાઉ ખાતે સ્ટોપ આપવા રજૂઆત કરી હતી. જેના પગલે ચેરમેને મને સામખિયાળી ખાતે તા. ૨૫/૯થી ટ્રેન થોભાવવાની લેખિતમાં ખાતરી આપી હતી અને ભચાઉ સ્ટેશને સ્ટોપ આપવા અંગે વિચારણા કરવા જણાવ્યું હતું.

એસી ટ્રેન વાગડ વિસ્તારમાં એક પણ સ્ટેશને થોભાવવામાં આવતી નહીં હોવાથી ખાસ તો વાગડના લોકોની તીવ્ર માગણી હતી. આ માગણી સંતોષાવાથી લોકોમાં આનંદનું મોજું કરી વળશે એમ તેમણે જણાવ્યું હતું.

શિવમ પાર્ક સોસાયટીને પૂરતા દબાણથી પાણી આપો

ભુજ, તા. ૧૧ : શહેરના નવનિર્મિત વોર્ડ નં. ૧૪માં સમાવાયેલી શિવમ પાર્ક સોસાયટીને છેલ્લા કેટલાય સમયથી ભુજ નગરપાલિકા દ્વારા પૂરતા દબાણથી પાણી આપવામાં આવતું નથી. જેને કારણે સોસાયટી તથા આસપાસના રહીશોને મુશ્કેલી અનુભવવી પડે છે. આ અંગે નગરપાલિકા સમક્ષ અવારનવાર રજૂઆત કરાઇ છે. સોસાયટીને પૂરતા દબાણથી પાણી મળે તથા તમામ રહીશોના પાણી જોડાણ નિયમિત કરવાની કાર્યવાહી પણ પાલિકા તંત્ર દ્વારા સત્વરે હાથ ધરાય એવી માગણી સોસાયટી પ્રમુખ અનિષભાઇ શાહે કરી છે.

સાધુ સમાજનું ગૌરવ
સીતારામ

ડૉ. નુતન દયારામ સાધુ
અંજાર (કચ્છ)
ભીડભંજન મહાદેવ અને સંતશ્રી ભાણસાહેબની અસીમ કૃપાથી આપશ્રીએ મેડિકલ ક્ષેત્રે ક્રિમયદ્રાચાર્ય યુનિવર્સિટી (પાટણ) માંથી B.D.S. ની ડિગ્રી પ્રાપ્ત કરી કચ્છ સાધુ સમાજનું નામ રોશન કરેલ છે અને હંમેશા મેડિકલ ક્ષેત્રે પ્રગતિ કરતા રહો એવી શુભેચ્છા...
:: શુભેચ્છક ::
સ્વ. સાધુ તુલસીદાસ પ્રભુદાસ
સાધુ દયારામ પ્રભુદાસ
સાધુ મયુર દયારામ
મેસુરાણી ચંદુભાઈ ડાયાભાઈ સહ પરિવાર
આઈશ્રી ખોડિયાર નાસ્તા ગૃહ સવાસર નાકા

અભિનંદન

જાડેજા જયદેવસિંહ બાબુભા
સરપંચશ્રી, નારાણપર ગ્રામ પંચાયત
મંત્રીશ્રી, અબડાસા તા.યુવા ભાજપ
આપશ્રીની ઉપરોક્ત પદે વરણી થયેલ તે બદલ હાર્દિક અભિનંદન. રાજકીય ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભકામના...
જાડેજા દેશરજી મમુભા
ઉપસરપંચ-નારાણપર
જાડેજા ગીરીરાજસિંહ કનુભા
માજી ઉપસરપંચ-નારાણપર
જાડેજા રાજેન્દ્રસિંહ અજીતસિંહ

ગણેશ મહોત્સવ નિમિત્તે
ભવ્ય સંતવાણી
: ડાયરાર :
• ભગુદાન ગઢવી (ભાવનગર)
• શક્તિદાન ગઢવી (સોનલનગર)
• ખુશાલ દરણ-તબલાવાદક
• જયેશદાન ગઢવી - સાહિત્યકાર
S. P. સાઉન્ડના સથવારે
ગામ : કપુરાશી, તા. લખપત

માં જૈસા દિલ, બાબુલીય !

Babuline
GROPE WATER
M: 94284 48835
- પાચન શક્તિ વધારે - વજનને કાબુ કરે અને તંદુરસ્ત
- નિરોગી બનાવે - પેશાબ દુખાવામાં રાહત
દરેક મહત્વના મેડિકલ સ્ટોરોમાં ઉપલબ્ધ

પશ્ચિમ કચ્છ મેઘવંશી ગુર્જર સમાજ જોગ

સર્વે જ્ઞાતિજનોને જણાવવાનું કે દસમા સમૂહલગ્નના હિસાબ અંગેની અગત્યની મિટિંગ તા. ૧૫-૯, રવિવારે, સવારના ૧૦.૦૦ વાગ્યે રાખેલ છે. તો સર્વે સમાજના ભાઈઓને પધારવા હાર્દિક નિમંત્રણ છે.
સ્થળ : ત્રિકમસાહેબ મંદિર, સિંહ ટેકરી, કોટડા જ., તા. નખત્રાણા.
નોંધ : બપોરે ભોજન સાથે લઈશું.

લગ્નગ્રંથી થી જોડાયા છીએ

આથી સર્વે જાહેર જનતાને જણા કરવાની કે, અમારા અસીલો સુમીત જયસુખ રાઠોડ, રહે. અંજાર-કચ્છ વાળા તથા બંસતીબેન રસિકલાલ ચૌહાણ, રહે. ગામ : લાખાપર, તા. મુન્દ્રા-કચ્છ. વાળાઓ એ તેમની મરજીથી અને રાજીખુશીથી તા. ૨૮-૮-૨૦૧૩ ના રોજ અંજાર-કચ્છ મધ્યે હિન્દુ શાસ્ત્રોકત વિધીથી લગ્નગ્રંથી થી જોડાયા છે જે અંગેની લગ્ન નોંધણી તેઓએ લગ્નનોંધણી શાખા, અંજાર નગરપાલિકા, અંજાર-કચ્છ મધ્યે તા. ૧૧/૦૮/૨૦૧૩ના રોજ લગ્ન રજીસ્ટરના ભાગ ૩ ના ક્રમ નંબર ૬૮૮/૧૩ વાળામાં નોંધણી કરાવેલ છે જેની લાગતા-વળગતા સર્વે લોકોએ નોંધ લેવી.
અમારી મારફતે :-
જયદીપ ડી. પડ્ડ (એડવોકેટ)
૧૧૫-૧૫૨, મ્યુ. કોમ્પલેક્ષ,
મામલતદાર ઓફિસ સામે, અંજાર-કચ્છ.
સુમીત જે. રાઠોડ
બસંતી આર. ચૌહાણ

મીનદીપ આઈ હોસ્પિટલ-અંજાર
ડો. દીપક જાલાણી - આંખના સર્જન
હવેથી નીચેના સરનામે મળશે
ગાયત્રી કૃપા કોમ્પલેક્ષ, પ્રથમ માળ, ડો. કેકિયા - ડો. જુવડીયા હોસ્પિટલની પાછળ, શ્યામસુંદર હોસ્પિટલ રોડ, વસરામેડી નાકા, અંજાર, ફોન.૦૨૮૩૬-૨૪૦૦૫

ફટાકડા
૧૦૦૦થી વધુ વેરાયટી તથા પિસ્તોલ હોલસેલ ભાવે હાજરમાં ઉપલબ્ધ
શ્રીરામ ફાયર વર્કસ પ્રા.લી.
જુલ્લા ગાર્ડન પાસે, કેલાસ રોડ, રાપ્રોટ. ફોન : ૨૨૩૨૬૩૮/૨૨૩૩૧૬૯, મો. ૯૯૦૮૮ ૩૩૩૦૦

આદિપુરમાં શુભારંભ
મીનદીપ ડેન્ટલ ક્લિનીક એન્ડ ઓર્થો ડોન્ટીક કેર
ડો. મીનલ જાલાણી (BDS)
દાંતના સર્જન
કસ્મેટીક ઓર્થો. ડોન્ટીસ
દવાખાનાનો સમય : સવારે ૯ થી ૧, સાંજે ૫ થી ૮
વાંકા-ચુંકા દાંત, દાંતના દરેક રોગની સારવાર
શોપ નં.૧, (RPS) ૧૬, શિવમ ચુમ્બ્સ હોસ્પિટલની પાછળ, ૧૪ બજાર, આદિપુર

અભિનંદન

મા.શ્રી માવજીભાઈ ધનજી રાબડીયા
પ્રમુખશ્રી, કિસાન મોરચો ભુજ તાલુકા ભાજપ
સરપંચશ્રી, સુખપર ગ્રામપંચાયત (ભુજ)
આપશ્રીની ઉપરોક્ત પદ પર થયેલ ગૌરવશાળી વરણી બદલ હાર્દિક અભિનંદન. ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરી લોક હિતના વધુને વધુ કાર્યો કરતા રહો તેવી અંતરની શુભેચ્છા...
મહેન્દ્ર ત્રિવેદી • નિશિત ત્રિવેદી (ભુજ)

લગ્નગ્રંથિથી જોડાયા છીએ

આથી અમો નીચે સહી કરનાર (૧) હેતલબેન વસંતભાઈ સાઠોડ, રહે. આંબાવાડી, અમદાવાદ, (૨) મુકેશકુમાર લખમશભાણાઈ મુળુકિયા, રહે. મુ. રાપર-કચ્છવાળાઓ આથી સર્વે લાગતાવળગતાને જાહેર નોટિસથી જણાવીએ છીએ કે અમોએ તા. ૧૦-૦૯-૨૦૧૩ના રોજ નાગેશ્વર શિવ મંદિર, મુ. રાપર, તા. રાપર-કચ્છ ખાતે હિન્દુ ધર્મની શાસ્ત્રોકત વિધિથી લગ્ન કરેલ છે. જેની નોંધણી રાપર નગરપાલિકા કચેરીના નોંધણી ક્રમાંક ૯૪/૧૩થી નોંધણી કરાવેલ છે. જેની સર્વે લાગતાવળગતાઓએ નોંધ લેવી.
રાપર-કચ્છ. તા. ૧૧-૯-૨૦૧૩
જાહેર કરનારની સહી
હેતલબેન વસંતભાઈ સાઠોડ
મુકેશકુમાર લખમશભાણાઈ મુળુકિયા
અમારી મારફતે :
મહાદેવભાઈ કે. બગડા-એડવોકેટ
દેવજીભાઈ વી. મહેશ્વરી
કે. અયોધ્યાયપુરી રોડ, જ્યોતિ સાવ કુટે માર્ગ, રાપર-કચ્છ. મો. ૯૪૨૮૩ ૦૯૩૧૦

અંતરની શુભકામનાઓ


શ્રી વિનોદભાઈ લીલાધર ચૌહાણ
અધ્યક્ષ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ
શ્રી બાબુલાલભાઈ શામજી ચૌહાણ
અધ્યક્ષ, શ્રી કચ્છગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ-ભુજ
આપ બન્નેની ઉપરોકત શિક્ષણક્ષેત્રની સંસ્થાઓના ઉચ્ચ હોદ્દાઓ પર સર્વાનુમતે બિનહરીફ વરણી થયા બદલ ખરા હૃદયથી શુભકામના સાથે શિક્ષણ અને સમાજસેવાના ક્ષેત્રમાં સફળતાની સુવાસ સર્વત્ર ફેલાવો એવી શુભેચ્છાઓ...
• બહાદુરભાઈ બાબુભાઈ પરમાર-ભુજ • સ્વાતીબેન જયેશભાઈ યાદવ-વડોદરા
• ધરમશીભાઈ હીરજીભાઈ ચૌહાણ-રત્નાગિરિ • રાજકુમાર જગદીશભાઈ ચૌહાણ-મુંબઈ
• જયોતિબેન ધરમશીભાઈ ચૌહાણ-રત્નાગિરિ • સતીષભાઈ દામજીભાઈ ચૌહાણ-પુના

લખ લખ વધાઈયું

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરમાંથી એમ.ડી. (આયુર્વેદ, બાળરોગ નિષ્ણાત)ની અનુસ્નાતક પરીક્ષામાં પ્રથમ વર્ગે ઉત્તીર્ણ થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.
ડો. પાવન ગોર M.D. (આયુર્વેદ)
ગુજરાત
સ્વ. રમણબાળા અમૃતલાલ માકાણી-દાદી
• પ્રતિમા દિનેશ ગોર-મમ્મી-પપ્પા • દિના વિનોદ ગોર-કાકી-કાકા
• બીના ચન્દ્રકાંત ગોર-કાકી-કાકા • કુન્દા બિપિન ગોર-કાકી-કાકા
• મેઘના વિપેક ગોર-ભાભી-ભાઈ • દીપા, હેતલ, આરતી-બહેન • બિહાર-ભાઈ
સ્વ. અમૃતલાલ દામોદર માકાણી પરિવાર

Kusumben Kantilal Dedhia Hospital
લેબોરેટરી સેવા
ડાયાબિટીસના દર્દીઓ માટે જણાવવાનું કે જે લોકો વહેલી સવારે ઇંધાર્થે ઓફિસ કે સ્કૂલ જતા હોય છે અથવા વહેલી સવારે ચા-નાસ્તો-કોફીની આદત ધરાવતા હોય તેવા માટે જૈન સેવા સમિતિ સંચાલિત કુસુમબેન કાંતિલાલ દેઢિયા હોસ્પિટલમાં વહેલી સવારે ૬ વાગ્યે લેબોરેટરી વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. જેથી કરીને ડાયાબિટીસના દર્દીઓ ફાસ્ટિંગ સુગર ચેકઅપ માટે અમારી હોસ્પિટલનો લાભ લઈ શકશે.
એડ્રેસ : પ્લોટ નં. H.C. 2, વોર્ડ 6/B, સ્વામિનારાયણ છાત્રાલય સામે, નાકોડાનગર પારો, આદિપુર.
૨૫૭૫૭૯, ૨૫૭૯૭૭

શ્રી રામપર (રોહા) ગ્રુપ પ્રા. શાળા-તા. નખત્રાણા-કચ્છ. તા. ૧૧-૯-૨૦૧૩
વિષય : જર્જરીત ઓરડા-૪ (ચાર) તોડી પાડવાના ભાવ મંગાવવા બાબત
જણાવવાનું કે શ્રી રામપર (રોહ) ગ્રુપ પંચાયતી પ્રાથમિક શાળા, તા. નખત્રાણા-કચ્છમાં ૪ (ચાર) જર્જરીત ઓરડા તોડી તેનો કાટમાળ જેપો કે બારી-બારણા, ટીયાલ, લોખંડ, પથ્થર વગેરે સૂચના મુજબ ગોઠવી તેમજ બિનજરૂરી કાટમાળને કમ્પાઉન્ડ બહાર સૂચના મુજબ દૂર કરવાની કામગીરી તેમજ જગીન લેવલ સુધી આ ઓરડાને સમતળ કરવાની કામગીરીના ભાવો સીલબંધ કવરમાં આ જાહેર ખબરની તારીખથી દિન-૧૦માં નીચેના સરનામે રૂબરૂ અથવા રજિસ્ટર એ.ડી.થી પહોંચતા કરવા અંગેના ભાવો મંગાવવામાં આવે છે. જેમાં નીચે મુજબની શરત રહેશે.
શરત : આવેલ ભાવો ગ્રાહ્ય રાખવા કે નહીં તે અંગેનો અધિકાર નીચે સહી કરનારને અબાધિત રહેશે.
સરનામું : સંગ્ય સચિવશ્રી, શ્રી રામપર (રોહા) ગ્રામ શિક્ષણ સમિતિ રામપર (રોહા) ગ્રુપ પ્રા. શાળા તા. નખત્રાણા-કચ્છ.
શ્રી એ. એચ. સાધુ સંગ્ય સચિવ, શ્રી રામપર (રોહા) ગ્રામ શિક્ષણ સમિતિ તા. નખત્રાણા-કચ્છ.
શ્રીમતી હંસાબેન બી. પટેલ અધ્યક્ષશ્રી, શ્રી રામપર (રોહા) ગ્રામ શિક્ષણ સમિતિ તા. નખત્રાણા-કચ્છ.

હાર્દિક અભિનંદન

કનકગિરિ માનગિરિ ગોસ્વામી
મંત્રીશ્રી, ભુજ તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચો
શાન્તીલાલ જેઠાલાલ પરમાર
ઉપપ્રમુખશ્રી, ભુજ તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચો
આપ બન્નેની ઉપરોકત હોદ્દા પર ગોસ્વપંતી વરણી બદલ ખૂબ ખૂબ અભિનંદન..
શુભેચ્છક
• જયનેશ શાંતિલાલ વરૂ
• દેવરાજ ગોવિંદ ચાવડા
• દેવેન્દ્રગિરિ રેવાગિરિ ગોસ્વામી
કુકમા, તા.ભુજ

ગૌરક્ષકને અભિનંદન


શ્રી તારાચંદભાઈ છેડા
માનનીય ધારાસભ્યશ્રી, માંડવી-મુંદરા (મતવિસ્તાર)
શ્રી જિગર છેડા
કારોબારી અધ્યક્ષશ્રી, ભાજપ
આપશ્રી ગોસેવા માટે રાત દિવસ સતત તત્પર રહીને જે સક્રિય કાર્યો કર્યા છે, ને હજી કરતા રહો એવી અમારા અંતરની હૃદયપૂર્વક શુભેચ્છા.
• રણજિતસિંહ લીભુભા મેર • ભુકેરા ગુલામ હુસેન
• જોરૂભા સતુભા ઝાલા • આશા રામા રબારી
• મહેશ પ્રેમજી રાજગોર • પરમાર પંકજ પી.
• દેશુભા પચાણજી જાડેજા • નેમજી ઉમરશી લાપસિયા
• પ્રકાશ ગૌરીશંકર ગોર